# સીટી બસના સંચાલન માટેની દરખાસ્તને મંજૂરી

## મનપાને પ્રિમીયમ પેટે ૨૬ લાખ મળશે : સાત વર્ષ સુધી સંચાલન આ એજન્સી કરશે

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર મહાનગર પાલિકાએ આજે સીટી બસના સંચાલન માટે મે. યોગી એડ્યુટ્રાન્ઝીટ પ્રા.લિ.ને મંજૂરી આપી દીધી છે.

મનપાની સ્થાયી સમિતિમાં આજે ત્રીજીવાર સીટીબસના સંચાલન માટે એક જ ટેન્ડર આપ્યુ હોવાની ભલામણ સાથેની દરખાસ્તને મંજૂરી આપવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

સાત વર્ષ સુધી શહેરમાં આ કંપની સીટીબસનું સંચાલન કરશે. આ કંપની મનપાને સાત વર્ષ દરમ્યાન રૂ. ૨૬ લાખ પ્રિમીયમ અને ભાડા પેટે ચુકવશે. આ કંપની ટુંકમાં જ તેની નવો બસોના કાફલા સાથે શહેરની સીટી બસ સેવાનો આરંભ કરશે.

આ માટે તંત્રએ રૂટો સેક્ટરોના અંતરિયાળ વિસ્તારમાં પણ શરૂ કરવાની આકરી શરત મુકેલ છે. ગાંધીનગર શહેરમાં વિટકોસ દ્વારા સીટીબસોનું સંચાલન થતુ હતુ પરંતુ તે છેલ્લા થોડાક સમયથી અનિયમિત બની છે.

ત્રણ-ત્રણ વખત આ સીટી બસના સંચાલન માટે ટેન્ડર માંગવામાં આવ્યા હતા પરંતુ યેનકેન કારણોસર તે રદ થતા હતા. હવે આખરે ટેન્ડરને મંજૂરી આપવામાં આવી છે.

સીટીબસના સંચાલન માટેનો મુદ્દો પાટનગરમાં રાજકીય લડાઈનો મુદ્દો પણ બન્યો હતો. કોંગ્રેસે આ મુદ્દે આંદોલન કરવાની પણ ચીમકી આપી હતી.

આ બધી વાતોની ભાજપના મોવડીમંડળે પણ ગંભીર નોંધ લીધી હતી અને ઝડપથી યોગ્ય નિર્ણય અને યોગ્ય કાર્યવાહી કરવાની સૂચના સ્થાનિક આગેવાનોને અપાઈ હોવાની વાતો પણ રાજકીય વર્તુળોમાં જોરશોરથી ચર્ચાઈ રહી છે.

આજે સ્થાયી સમિતિમાં સીટી બસના સંચાલનની દરખાસ્તને મંજૂરી મળતાં તંત્ર દ્વારા તે અંગેના કરારો કરવા અને વર્કઓર્ડર આપવાની કામગીરીમાં દસેક દિવસનો સમય લાગી જશે એટલે ૧લી ઓગષ્ટ કે આ માસના અંતમાં નવી બસ સેવાઓ કાર્યરત થઈ જશે તેમ મનાઈ રહ્યુ છે.






રાષ્ટ્રપતિપદ માટે મતદાન : રાષ્ટ્રપતિપદ માટેનું મતદાન આજે સ્વર્ણિમ સંકુલ-૨ ખાતે યોજાયું હતું... રાજ્યના મુખ્યમંત્રી, વિરોધપક્ષના નેતા, મંત્રીમંડળના સભ્યો તથા કોંગ્રેસના રાષ્ટ્રીય મહામંત્રી અશોક ગેહલોતે મતદાન કર્યુ હતું.... મતદાન પેટી સોમવારે સાંજે દિલ્હી લઈ જવા રવાના કરાઈ હતી. જેની મતગણતરી ૨૦મી જુલાઈએ દિલ્હી ખાતે યોજાશે....

## રાજ્યસભાની ચૂંટણીનું જાહેરનામુ ૨૧મી જુલાઈએ પ્રસિદ્ધ થશે

ગાંધીનગર, તા. ૧૭

ગુજરાતમાં રાજ્યસભાની ખાલી પડતી ત્રણ બેઠકો માટેની ચૂંટણી યોજવા અંગેનો કાર્યક્રમ ચૂંટણીપંચે જારી કરી દીધો છે. ૨૧મી જુલાઈએ આ અંગેનું જાહેરનામુ પ્રસિદ્ધ થતાં જ ઉમેદવારપત્ર ભરવાની પ્રક્રિયાનો પ્રારંભ થશે. ૨૮મી જુલાઈ સુધી આ બેઠકો માટે ઉમેદવારી પત્ર ભરી શકાશે. ૨૯મીએ આ ઉમેદવારી પત્રોની ચકાસણી હાથ ધરવામાં આવશે જ્યારે ૩૧મીએ ઉમેદવારીપત્ર પાછા ખેંચવાનો અંતિમ દિવસ છે.

૮મી ઓગષ્ટે જરૂર પડ્યે આ ચૂંટણી માટે મતદાન યોજવામાં આવશે. આ ચૂંટણી માટે મતદાનનો સમય સવારે ૯ થી ૪નો રાખવામાં આવ્યો છે અને સાંજે પાંચ વાગે મતગણતરી હાથ ધરવામાં આવશે.

ગુજરાતમાંથી કેન્દ્રીય કાપડમંત્રી સ્મૃતિ ઈરાની, સાંસદ દિલીપ પંડ્યા અને કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષા સોનિયા ગાંધીના રાજકીય સલાહકાર અહમદ પટેલ નિવૃત્ત થઈ રહ્યા છે.

## રાજયના ૨૦૩ જળાશયો પૈકી ૨૦ હાઈએલર્ટ પર

રાજયભરમાં વરસાદી અતિવૃષ્ટિને પગલે રાજયના મોટાભાગના જળાશયોની સ્થિતિ નોંધપાત્ર રીતે સુધરી છે અને તેમાં વરસાદી નવા નીરની ભરપૂર આવક થવા પામી છે. પાણીની વધુ પડતી આવકને ધ્યાનમાં લઈ તંત્ર દ્વારા રાજયના કુલ ૨૦૩ જળાશયો પૈકી ૨૦ જળાશયો હાઈએલર્ટ પર મૂકાયા છે, જયારે છથી વધુ જળાશયોને એલર્ટ પર રખાયા છે. રાજયભરના જળાશયોમાં વરસાદી નીરની ભરપૂર આવક થતાં કુલ ૨૦૩ જળાશયોની પાણીની કુલ સંગ્રહક્ષમતા ૧૫૭૭૦.૩૯ મિલીયન કયુબીક મીટર પૈકી હાલ ૫૫૫૪.૦૭ મિલીયન કયુબીક મીટર પાણીનો સંગ્રહ થયો છે.

# સે. ૨૮ના બાલોદ્યાનમાં નવી ટ્રેઈન હવે ટુંકમાં દોડતી થશે

**૫૬.૯૫ લાખના ખર્ચે પાંચ ડબ્બા ધરાવતી ટ્રેઈન આવી પહોંચશે : સ્થાયી સમિતિનો નિર્ણય**

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગરની આગવી ઓળખ બનેલ સે. ૨૮ના બાલોદ્યાનમાં આખરે બાળકોની મીની ટ્રેન શરૂ થશે. આજે મહાનગરપાલિકાની મળેલ સ્થાયી સમિતિમાં આ નવી ટ્રેઈન માટેની દરખાસ્તને બહાલી આપવામાં આવી છે.

ગાંધીનગર મહાનગર પાલિકાની સ્થાયી સમિતિની આજે મળેલ મહત્વની બેઠકમાં આ કામનો મૂળ અંદાજ રૂ. ૫૯.૨૫ લાખ રાખવામાં આવ્યો હતો પરંતુ ૩.૮૭ ટકા જેટલુ ટેન્ડર નીચુ આવતાં રૂ. ૫૬.૯૫ લાખના ખર્ચવાળુ ટેન્ડર મંજૂર રાખવામાં આવ્યું છે.

અમદાવાદની મેસર્સ વિહિરા માર્કેટીંગ દ્વારા આ ટેન્ડર ભરાયુ હતુ અને તેને હવે આ મંજૂરી મળતાં તે નવી ટ્રેઈન તૈયાર કરી અને બાલોદ્યાન માટે આવશે.

મળતી વિગતો મુજબ પાંચ ડબ્બા અને એન્જીન સાથેની આ નવી ટ્રેઈન હશે. બાલોદ્યાનમાં ટ્રેઈનની આવક જ વાર્ષિક રૂ. ૨૫ લાખથી વધુની હતી. જો કે જૂની ટ્રેઈનનું એન્જીન વારંવાર ખોટવાઈ જતુ હતુ અને તેનુ મેઈન્ટેનન્સ પણ તંત્રને મોંઘુ પડતુ હતુ.

આ પછી તંત્રએ નવી ટ્રેઈન માટે જે દરખાસ્ત કરી હતી અને તેને

● અનુસંધાન પાના - ૭ પર

# સેકટરોમાં ગટરોનુ દુષિત પાણી ઉભરાતા સ્માર્ટ શહેરનું વાતાવરણ પ્રદુષિત

## સાડા ચાર દાયકાઓ પુર્વે સેકટરની વસતીને ધ્યાને લઇ નિર્માણ કરાયેલા ગટર લાઇનના નેટવર્કને અપગ્રેડ કરવા માટે કોઇ પગલા લેવાયા નથી : સેકટરોમાં રોજબરોજ ગટરોનુ દુષિત પાણી ઉભરાતા આમ નાગરિકોને ગુંગળામણ

ગાંધીનગર તા ૧૭

શહેરમાં હાલ ગટરો ઉભરાવાની વ્યાપક ફરિયાદો ઉભી થઈ છે. સેકટરોમાં ગટરોનુ દુષિત પાણી ભરાતા રહીશો માટે નર્કાગાર જેવી સ્થિતિ સર્જાય છે. ઘરઆંગણે જ ગટરોનુ દુષિત પાણી ઉભરાતા દુર્ગંધયુક્ત માહોલમાં ખદબદતી ગંદકી વચ્ચે સેકટરવાસીઓ ગુંગળામણ અનુભવતા હોવાની ફરિયાદોના લીધે આક્રોશ પ્રબળ બન્યો છે. શહેરમાં અંદાજિત ૪૦૦ કી મી ની ગટર લાઇનમાં ૨૦ હજાર જેટલા મેઈન હોલ છે. ચાર દાયકા જુની ગટર લાઇનમાં મેઈન હોલમાં દિવાલ તુટી જવાના કિસ્સા પણ વધુ ધ્યાને આવી રહયા છે. જેના લીધે સેકટરોમાં ગટર લાઇનના મામલે એસ સાંધે ત્યાં તેર તુટે જેવી દયાજનક સ્થિતિ છે. આવા સંજોગોમાં ગટર લાઇનને સેકટરોની વસતી મુજબ અપગ્રેડ કરવા માટે પણ કોઈ આયોજન કરવામાં આવતુ નથી. શહેરમાં ગટરલાઈનની સુવિધા ખાડે ગઈ છે. પાટનગરમાં જ

**દાયકાઓ જુની ૪૦૦ કી મીનુ નેટવર્ક ધરાવતી ગટર લાઇનના મેઇનહોલની દિવાલો પણ જર્જરીત : વરસાદી દિવસોમાં સેકટરોમાં ઠેર ઠેર ગાબડા**

● અનુસંધાન પાના - ૭ પર

### વરસાદી પાણીના નિકાલ માટે ખુલતા મેઈન હોલમાં કચરો ઠલવાય છે

શહેરમાં હાલ સ્ટોર્મ વોટર લાઈનની સેવાના નામે પણ મીંડુ છે. જેના લીધે ચોમાસા દરમિયાન એકાદ ઈંચ વરસાદમાં પણ જળબંબાકારની સ્થિતિ સર્જાય છે. જયારે ગટર લાઈનની ફરિયાદો પાછળ કેટલાક અંશે સ્ટોર્મ વોટર લાઈનનો અભાવ પણ જવાબદાર છે. સેકટરોમાં વરસાદી પાણીના નિકાલ માટે ગટરલાઈનના મેઈન હોલ ખોલી દેવાતા માટી સહીતનો કચરો ગટરલાઈનમાં ઠલવાય છે. જેના લીધે ગટરો ઉભરાવાની ફરિયાદો વધુ ઉઠવા પામી છે.





મહાઅભિષેક - જૈન દેરાસર ખાતે શાંતિધારા શક્રસ્તવ મહાઅભિષેક યોજાયો હતો... ચાતુર્માસના ઉપક્રમે વિવિધ ધાર્મિક કાર્યક્રમોથી દેરાસર ધમધમ્યું હતું... મહાઅભિષેકમાં મોટી સંખ્યામાં શ્રાવકો જોડાયા હતા...

# રેતી કાંકરીની ગ્રાન્ટમાંથી વધુ ૧.૧૧ કરોડના કામોને મંજૂરી અપાઈ

## ૭૫ લાખથી વધુના હાઈમાસ્કના લાઈટના કામો તંત્ર દ્વારા અટકાવાયા

ગાંધીનગર, તા. ૧૭

રેતી-કાંકરીની ગ્રાન્ટમાંથી વધુ ૧.૧૧ કરોડના ૪૯ કામોને આજે તંત્ર દ્વારા વહીવટીય મંજૂરી આપી દેવામાં આવી છે. આ સાથે રેતી-કાંકરીની ગ્રાન્ટમાંથી કુલ ૭૪૦ જેટલા કામો હાથ ધરવામાં આવશે જે પૈકી મોટા ભાગના કામો શરૂ થઈ ગયા છે.

મળતી વિગતો પ્રમાણે વિકાસ કમિશનર દ્વારા હાઈમાસ્કના સોલાર-એલઈડીના ૭૫ લાખના ૩૨ થી પણ વધુ કામો તંત્ર દ્વારા અટકાવી દેવામાં આવ્યા છે. જેમાં ગાંધીનગર અને માણસા તેમજ દહેગામના કામો વધુ હોવાનુ જાણવા મળેલ છે.

જિલ્લા પંચાયતની સામાન્ય સભાએ રૂ. ૧૮ કરોડના વિકાસકામો રેતી-કાંકરી માટે સૂચવ્યા હતા. તંત્ર દ્વારા તેની પાસે ઉપલબ્ધ ૧૪.૧૫ કરોડની તમામ ગ્રાન્ટના કામોને વહીવટી મંજૂરી આપી દીધી છે.

અગાઉ ત્રણ તબક્કામાં ૬૯૧ જેટલા વિકાસ કામોની રૂ. ૧૩.૦૩ કરોડના ખર્ચ સાથેની વહીવટીય મંજૂરી આપવામાં આવી હતી. આજે વધુ ૧ કરોડ ૧૧ લાખના કામોને મંજૂરી આપી દેવામાં આવી છે.

જિલ્લા પંચાયતમાં રેતી-કાંકરીમાંથી વિકાસના કામોની વહીવટીય મંજૂરી અને હાઈમાસ્ક લાઈટના કામોને લઈ વિવાદ ચાલ્યો હતો. હાઈમાસ્ક લાઈટના કામો અંગે છેલ્લી ઘડીએ વિકાસ કમિશનર દ્વારા અટકાવવામાં આવતાં આ વિવાદ વધુ ઘેરો બન્યો છે. રાજરમત રમાઈ હોવાનો આક્ષેપ કોંગીના જ કેટલાક નેતાઓ ખાનગીમાં કરી રહ્યા છે. ગાંધીનગર જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં જ એક નેતાએ એલઈડી લાઈટ માટે આગ્રહ કર્યો હતો અને છેલ્લી ઘડીએ જે રીતે અટકાવવામાં આવ્યા છે તેનાથી સભ્યોમાં રોષની લાગણી પ્રવર્તી રહી છે.

# જિલ્લાનો વન મહોત્સવ રૂપાલ વરદાયિની મંદિરના પ્રાંગણમાં યોજાશે

**પ્રભારી મંત્રીની હાજરીમાં રોપાઓની વાવણી કરી જાળવણી માટે ફેન્સીંગ પણ કરાશે : શહેરી વિસ્તારમાં મુર્ઝાયેલા ૭ હજાર રોપાઓની સામે નવા વૃક્ષોનો ઉછેર થશે**

ગાંધીનગર તા ૧૭

વન વિભાગ દ્વારા આગામી તા ૨૦ જુલાઈના રોજ રૂપાલ ખાતે જિલ્લા કક્ષાના વન મહોત્સવની ઉજવણી કરવામાં આવશે. પ્રભારી મંત્રીની હાજરીમાં રૂપાલ વરદાયિની મંદિરના પટાંગણમાં વન મહાત્સવની ઉજવણી કરવામાં આવશે. આ તબક્કે ૪૫૧ જેટલા રોપાઓની વાવણી કરવામાં આવશે. રોપાઓની સુરક્ષા માટે ફેન્સીંગ પણ કરવામાં આવશે. ત્યારબાદ તાલુકા કક્ષાએ પણ વન મહોત્સવની ઉજવણી કરવામાં આવશે. ગત ચોમાસા દરમિયાન શહેરી વિસ્તારમાં ૨૫ હજાર રોપાઓની વાવણી કરવામાં આવી હતી .જયારે આ પૈકી મુર્ઝાઈ ગયેલા ૭ હજાર રોપાઓને ધ્યાને લઈ આટલા જ નવા રોપાઓની પણ વાવણી કરી દેવાઈ છે.

વન વિભાગ દ્વારા થોડા સમય અગાઉ રાજય કક્ષાના વન મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. જયારે આગામી તા ૨૦ જુલાઈના રોજ જિલ્લા કક્ષાના વન મહોત્સવની ઉજવણીનુ આયોજન કરવામાં આવ્યુ છે. જિલ્લા કક્ષાના વન મહોત્સવનુ રૂપાલ ખાતે આયોજન કરવામાં આવ્યુ છે. પ્રભારી મંત્રી નિર્મળાબેન વાઘવાણીની હાજરીમાં રૂપાલ વરદાયિની મંદિરના પટાંગણમાં વન મહોત્સવની ઉજવણી કરવામાં આવશે. આ દરમિયાન ૪૫૧ રોપાઓની વાવણી કરવામાં આવશે આ રોપાઓને ફેન્સીંગ પણ કરવામાં આવશે. ત્યાર બાદ તા ૨૧ જુલાઈથી તાલુકા કક્ષાએ વન મહોત્સવની ઉજવણી કરવામાં આવશે. જયારે ગ્રામ્ય કક્ષાએ પણ વન મહોત્સવની ઉજવણી કરાશે.

વન વિભાગની બોરીજ રેન્જ દ્વારા ૬.૨૦ લાખ રોપાઓનુ વિતરણ કરવામાં આવ્યુ છે. જયારે આ પૈકી રોપાઓના વિતરણ દરમિયાન રૂ ૩.૭૨ લાખની વસુલાત પણ કરવામાં આવી છે. વધુમાં ગાંધીનગરના મુખ્ય માર્ગો આસપાસ વિવિધ માર્ગોના કલરકોડ પ્રમાણે જુદા જુદા રોપાઓની વાવણી કરવામાં આવી છે. જેમાં શહેરી વિસ્તારમાં ૯,૬૦૦ જેટલા રોપાઓની વાવણી કરવામાં આવી હતી. ગત વર્ષ દરમિયાન શહેરી વિસ્તારમાં ૨૫ હજાર જેટલા રોપાઓની વાવણી કરવામાં આવી હતી પરંતુ આ પૈકી ૭ હજાર જેટલા રોપાઓ મરણ પામ્યા હતા. જયારે મુર્ઝાયેલા આ રોપાઓના ઠેકાણે નવા રોપાઓની વાવણીનુ કામ પણ પુર્ણ કરી દેવાયુ છે.

**જોઈએ છે મેનેજર**

શ્રી જક્ષણી અન્નપૂર્ણા કેન્દ્ર સાદરાના સમગ્ર સેવા સંકુલના વ્યવસ્થાપન માટે ગ્રેજ્યુએટ વ્યક્તિની જરૂર છે.

**લાયકાત :** હિસાબી તથા કોમ્પ્યુટરના જાણકાર ગ્રેજ્યુએટ. કેમ્પસ ઉપર રહી કામ કરી શકે તેવા ઉમેદવારને પસંદગી આપવામાં આવશે.

દિન સાતમાં નીચેના સરનામે અરજી કરવી.

**મંત્રીશ્રી - જક્ષણી અન્નપૂર્ણા કેન્દ્ર**
સાદરા, તા. જી. ગાંધીનગર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BRIDGESTONE CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com